# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૭/કવા–૦૨/૧૮–૧૯/ 9729-2 તા. 05-10-18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
હંસાબેન વિનોદભાઈ પટેલ,
– ધીરજ – વૃજભુમી સોસાયટી,
માણેકનગર રોડ, જામનગર – રાજકોટ હાઈવે
ગણેશ કોલ્ડ સ્ટોરેજ ની સામે,
જામનગર–૩૬૧૦૦૧
મો: ૯૪૦૯૩ ૯૦૦૭૯

વિષય :–ખેતરમાથી પસાર થતી વીજલાઈન શીફટીંગ કરવા અંગે
સંદર્ભ:– આપની અરજી , તા. ૦૧–૦૯–૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૪૭/કવા–૦૨/૧૮–૧૯ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

HL

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : ઉપર મુજબ

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૨ જામનગર

... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.

(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શાપર પેટા વિભાગીય કચેરી, જામનગર

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| | | |
|---|---|---|
| કેસ નં. : સીજીઆરએફ : ૪૭/ક્વા–૦૨/૧૮–૧૯ | કમિટી મીટીંગ: તા. ૨૦–૦૯–૧૮ | સ્થળ : જામનગર |

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)
અરજદાર (ફરીયાદી): નામ: હંસાબેન વિનોદભાઈ પટેલ, ગામ: જામનગર
રજુઆત કરનાર: અરજદાર વતી તેમના પ્રતિનીધી તરીકે તેમના પતિ શ્રી વિનોદભાઈ પટેલ હાજર રહેલ છે.

**વિરૂધ્ધ**

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :
પીજીવીસીએલ (કચેરી) : શાપર પેટા વિભાગીય કચેરી, જામનગર (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૨ જામનગર)
રજુઆત કરનાર :એમ.આર.વૈશ્નવ – કાર્યપાલક ઈજનેર શહેર વિભાગીય કચેરી નં ૨ જામનગર

## : હુકમ :

ફરીયાદ : ખેતરમાથી પસાર થતી વીજલાઈન શીફટીગ કરવા અંગે

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓના ખેતરમાથી વીજલાઈન પસાર થાય છે, જેમાં તેઓએ બાગાયતી પાક– મલેશીયમ નીમ નુ વાવેતર કરેલ છે, જે ખૂબજ ઉચા થતા હોવાના કારણોસર – તેઓએ સદર વીજલાઈન શીફટીગ કરવા અંગે – સબંધક કચેરીમા તા.૧૬–૦૮–૧૮ ના રોજ અરજી કરેલ છે. ત્યારબાદ, તા.૩૦–૦૮–૧૮ ના રોજ – સદર અરજદાર ની ગેરહાજરીમા ૧૦ થી ૧૨ થાંભલા નવા નાખેલ છે, જે તેઓના લગભગ ૧૦૦ ઝાડ ને નુકશાન થાય તેમ છે. જેથી, તા.૩૧–૦૮–૧૮ ના રોજ – જે નવા થાંભલા નાખેલ – તેની વાંધા અરજી આપેલ છે. તેમજ, જે નવા વીજજોડાણ માટે ની લાઈન ના તેઓના ખેતરમા થાંભલા નાખેલ છે, જેને નવા વીજજોડાણ આપવા માટે નજીક ની વીજલાઈન માથી પણ જોડાણ આપી શકાય તેમ હોવા છતા – સરકાર ને લાંબો ખર્ચ કરાવવાનુ કારણ શુ તે જણાતુ નથી. સદર બાબતે – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રી હંસાબેન વિનોદભાઇ પટેલ ની અરજીમાં જણાવ્યા મુજબ તેઓએ તેમના ખેતરમાં મેલેસીયન નીમનું વાવેતર કરેલ છે જેની હાઇટ વધતા હાલ તેમના ખેતરમાં રહેલ વીજ લાઇન અડચણરૂપ બને તેમ હોઇ તે લાઇન શીફટ કરવા આપની કચેરીને અરજી કરેલ હતી. પરંતુ, તા. ૩૦.૦૮.૧૮ના રોજ નવા ૧૦ થી ૧૨ પોલ ત્યાં ઉભા કરવામાં આવેલ છે. તે મુજબ, શ્રી વિનોદભાઇ કાંતીલાલ પટેલના ખેતરની બાજુમાં શ્રી પોપટભાઇ રણછોડભાઇ બોડાનું ખેતર આવેલ છે. તેઓના નવા ખેતીવાડીના વીજજોડાણની અરજી ના અનુસંધાને માહે ફેબ્રુઆરી-૨૦૧૮માં નવી વીજ લાઇન ઉભી કરવા માટેનો સર્વે કરવામાં આવેલ હતો. સર્વે વખતે શ્રી પોપટભાઇ એ પેટા વિભાગને મૌખિક જણાવેલ કે, શ્રી વિનોદભાઇ કાંતીલાલ પટેલના ખેતરમાં નવી વીજ લાઇન ઉભી કરવા અંગે તેઓને (વિનોદભાઇને) કશો વાંધો નથી. જેથી પીજીવીસીએલના કોન્ટ્રાકટરશ્રી વીરભદ્ર ઇલેકટ્રીકલ્સ દ્વારા નવી વિજલાઇન ઉભી કરવા અંગેની કામગીરી શરૂ કરેલ હતી અને નવા વીજ પોલ ઉભા કરેલ હતા.ત્યારબાદ બીજા દિવસે કોન્ટ્રાકટરશ્રી વિજલાઇન ઉભી કરવા અંગેની આગળની કામગીરી કરવા જતા શ્રી વિનોદભાઇ કાંતીલાલ પટેલ દ્વારા વાંધો વ્યકત કરેલ હતો. જે અંગેનો કેસ પેટા વિભાગીય કચેરી દ્વારા ડ્રીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ ઓફિસમાં રીફર કરેલ છે.<br>અરજદાર દ્વારા તેમની જે જુની લાઇન શીફટ કરવાની રજુઆત છે તે અંગેનું તેઓને એસઆર નં. ૧૧૧૯૧૦૩૩થી કવોટેશન રૂા. ૩૬૭૦૦.૦૦નું આપવામાં આવેલ છે. સદર કવોટેશન ભરપાઇ થયેથી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. |

| | |
|---|---|
| ૨.૨ | ફોરમ કમિટી મીટીગઃ તા. ૨૦–૦૯–૧૮ ની સુચના મુજબ – તા. ૨૭–૦૯–૧૮ ના રોજ અરજદાર શ્રી ના પ્રતિનીધી શ્રી વિનોદભાઈ પટેલ ની હાજરી માં રોજકામ કરાયેલ છે, તે મુજબ – શ્રી પોપટભાઈ રણછોડભાઈ ના નવા વીજજોડાણ માટે ઉભા કરાયેલ ૧૦ પોલ – જે સદર અરજદાર અને શ્રી પોપટભાઈ રણછોડભાઈ – એમ બન્ને ના ખેતર ના સમાન શેઢા પર જ ઉભા કરેલ છે. સદર ઉભા કરાયેલ ૧૦ પોલ તેઓના લીમડાઓના વાવેતર થી આશરે ૦૬ થી ૦૮ ફુટ દુર છે. જે વીજ થાંભલાને નડતરરૂપ નથી – તેમજ નવા ઉભા કરાયેલ ૧૦ પોલ ની કામગીરી દરમ્યાન – તેઓના વાવેતર ને કોઈ નુકશાન થયેલ હોય – તેમ જણાતુ કે દેખાતુનથી. તેમજ સદર વીજ થાંભલાઓ ઉભા થયા બાદ – અરજદાર દ્વારા નવા લીમડા – ઉભા થયેલ પોલ ની નીચેજ વાવી દીધેલ છે. |

મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, શ્રી વિનોદભાઇ કાંતીલાલ પટેલના ખેતરની બાજુમાં શ્રી પોપટભાઇ રણછોડભાઇ બોડાનું ખેતર આવેલ છે. તેઓના નવા ખેતીવાડીના વીજજોડાણની અરજી ના અનુસંધાને માહે ફેબ્રુઆરી-૨૦૧૮માં નવી વીજ લાઇન ઉભી કરવા અંગેની કામગીરી પીજીવીસીએલના કોન્ટ્રાકટર દ્વારા કરવા જતા શ્રી વિનોદભાઇ કાંતીલાલ પટેલ દ્વારા વાંધો વ્યકત કરેલ હતો. જે અંગેનો કેસ પેટા વિભાગીય કચેરી દ્વારા ડ્રીસ્ટ્રીક મેજીસ્ટ્રેટ ઓફિસમાં પત્ર નં.–૫૭૬૧ તા.૧૪–૦૯–૧૮ થી વાંધાના તકરાર નિવારણ માટે મોકલાવેલ છે. જે હાલ મા પડતર છે. |
| ૩.૨ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર દ્વારા તા.૧૬–૦૮–૧૮ ના રોજ હૈયાત વીજલાઈન તેઓના ખેતરમાં પાકને અડચણરૂપ હોય – જે ફેરવી આપવા માટે – શાપર પેટા વિભાગીય કચેરી માં તા.૧૬–૦૮–૧૮ ના રોજ અરજી કરેલ. ત્યારબાદ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા સદર ફરીયાદી અરજદાર ની માલીકી ના ખેતર માં – તેઓની ગેરહાજરીમાં તા.૩૦–૦૮–૧૮ ના રોજ – સદર અરજદાર ની ગેરહાજરીમા ૧૦ થી ૧૨ થાંભલા નવા નાખેલ છે, જે તેઓના હિસાબે લગભગ ૧૦૦ ઝાડ ને નુકશાન થાય તેમ છે, આમ– અરજદાર દ્વારા તેઓના ખેતરમા નડતરરૂપ વીજ થાંભલા ની વીજલાઈન ફેરવવા ની અરજી કરવા છતા – સદર અરજદાર ને નડતરરૂપ થાય તેમ નવા વીજ થાંભલા ઉભા કરાયેલ – જે બાબત ખૂબજ ગંભીર ગણાય. વધુમાં અરજદાર દ્વારા તા.૩૧–૦૮–૧૮ ના રોજ – સદર બાબતે સબંધક પેટા વિભાગીય કચેરી માં વાંધા અરજી આપેલ – તે મુજબ અન્ય અરજદાર ની વીજજોડાણ જોડાણ આપવા માટે ની અરજી અન્વયે – તેમજ સર્વે મુજબ – તેઓની નજીક ની લાઈન માથી – વીજજોડાણ આપી શકાય તેમ હોવા છતા – કયા કારણોસર વધુ લાઈન નાખવાનુ તેમજ કંપની ને નાણાકીય ખર્ચ કરાવવાનુ કારણ જણાવેલ નથી. |
| ૩.૩ | ઉપરોકત મુદદા નં. ૨.૨ મુજબ ની વિગતે તા. ૨૭–૦૯–૧૮ ના રોજ અરજદાર શ્રી ના પ્રતિનીધી શ્રી વિનોદભાઈ પટેલ ની હાજરી માં રોજકામ કરાયેલ છે, તે મુજબ – નવા વીજજોડાણ માટે ઉભા કરાયેલ ૧૦ પોલ – જે તેઓના લીમડાઓના વાવેતર થી આશરે ૦૬ થી ૦૮ ફુટ દુર છે. જે વીજ થાંભલાને નડતરરૂપ નથી જે બાબત ની ફોરમ કમિટી દ્વારા નોંધ લેવામા આવેલ છે. જે પીજીવીસીએલ દ્વારા નિયમાધીન કાર્યવાહી કરાયેલ હોય તેમ ફોરમ કમિટી ને જણાયેલ છે. |
| ૩.૪ | ઉપરોકત મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે – નામ.જીઈઆરસી ના પ્રવર્તમાન નોટીફીકેશન નં: ૦૨/૨૦૧૧ નાં મુદા નં: ૨.૩૦ (૧) માં કરાયેલ જોગવાઈ મુજબ સદર પ્રકારના – ન્યાયિક પ્રક્રીયા હેઠળ ડ્રીસ્ટ્રીક મેજીસ્ટ્રેટ ઓફિસ – જામનગર ખાતે પડતર હોય – જેથી સદર કેઈસ ના નિકાલ ની કામગીરી અત્રે ના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર સતા ક્ષેત્ર બહાર હોય , આ બાબત્રે અત્રે તરફથી વિશેષ કાંઈ કરવાનુ રહેતુ ન હોવાથી, અત્રે ના ફોરમ તરફથી આપશ્રી તરફથી મળેલ ઉપરોકત સંદર્ભ મુજબની ફરીયાદ અરજી દફતરે કરવામાં આવે છે. |

**મુદ્દા નં.-૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ થી ૩.૪ મુજબ ની વિગતેની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.